# ઘેર બેઠા પ્રવચન

પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય મહાબોધિ સૂરીશ્વરજી મ.સા.

## દિપાવલીપર્વ પ્રવચન માળા (પ્રવચન નં.-૧૯ : ભાગ-૨)

## છઠ્ઠા આરાનું વર્ણન

**પ્રસ્તુત દિપાવલી પ્રવચન-૧૯નો બીજો ભાગ છે. પ્રભુ વીરના મુખે છઠ્ઠા આરામાં કેવી પરિસ્થિતિ સર્જાશે, તેનું વર્ણન ચાલી રહ્યું છે. - સંપા.**

* જોવું પણ ગમે નહીં એવું એમના શરીરનું રૂપ હશે. અર્થાત્ અત્યંત કદરૂપું એમનું શરીર હશે.
* કોલસાથીયે વધુ કાળો એમનો શરીરનો વર્ણ હશે.
* એમના મુખમાંથી હંમેશા, કર્કશ, કઠોર, દુષ્ટ અને અસભ્ય વાક્યો જ નીકળતો હશે.
* એમના શરીર માથું ફાટી જાય એવી દુર્ગંધ મારતા હશે.
* શરીરના એક પણ અંગ લક્ષણ યુક્ત નહીં હોય.
* એમના શરીર રોગોથી ઘેરાયેલા હશે.
* એમનો સ્વભાવ અત્યંત ગુસ્સાવાળો, આવેશવાળો હશે.
* ક્લેશમય સ્વભાવને લીધે તેઓ ઘણાની સાથે વેર બાંધશે.
* બીજાની સાથે કપટ રમવામાં, બીજાનો દ્રોહ કરવામાં તેઓ નિપુણ હશે.
* લાજ/મર્યાદાનું નામોનિશાન એમનામાં જોવા નહીં મળે.
* પરસ્પર યુદ્ધ કરશે, એકબીજાને મારી નાંખશે, બંધનથી બાંધી લેશે.
* એમનું અનાદેય નામ કર્મ પ્રબળ હોવાને લીધે તેઓ આદેય વાક્યવાળા નહિ બને. તેમની વાત કોઈ નહીં માને.
* એમના અવાજમાં દીનતા અને હીનતા વર્તાશે. તેમના સ્વર અનિષ્ટ હશે.
* તેઓ અવિશ્વસનીય હોવાથી એમના વચન પર કોઈ વિશ્વાસ નહીં રહે.
* એમનું શરીર વિરસ હશે.
* એમના શરીરને સ્પર્શ કરવો પણ નહિ ગમે.
* અકાર્ય કરવામાં તત્પર રહેશે.
* ન્યાયથી જીવન નહિ ચાલે, અન્યાય - અનિતિથી ભરપૂર જીવન જીવશે. જ્યાં જશે ત્યાં ઉત્પાત મચાવશે.
* મા-બાપનો વિનય નહિ જાળવે, તેમની આજ્ઞામાં નહિ રહે. એમની સાથે કોઈ વ્યવહાર નહિ રાખે. ઉલ્ટું સગી મા સાથે સગો પુત્ર વિષયસુખ ભોગવશે. મા-બાપ અને દીકરા-વહુ જેવો વ્યવહાર નહિ રહે.
* એમના શરીર વસ્ત્ર વગરના હશે. નગ્નાવસ્થામાં તેઓ ફરતા હશે.
* વિનય - વિવેકનું નામનિશાન એમનામાં જોવા નહિ મળે.
* તેઓ આંખે કાણા અથવા આંધળા હશે. કાને બહેરા હશે. હાથની આંગળીઓ પૂરેપૂરી નહિ



www.facebook.com/hriday.parivartan

હોય. ન્યૂન હશે. હાથે ઠુંઠા અને પગે પાંગળા હશે. શરીર એકદમ દુર્બળ હશે. નાક ચપટા હશે. ટૂંકમાં શરીર સાવ બેડોળ હશે.

* બાલ્યવયથી જ તેઓ કામસંજ્ઞાથી પીડાતા હશે.
* એમના શરીરની રોમરાજી ભૂંડ જેવી કઠણ, જાડી અને ઊંડા મૂળવાળી હશે.
* દાઢી-મૂછના વાળ સમાર્યા વગરના હશે.
* એમના હાથ-પગના નખ કાપ્યા નહિ હોવાના કારણે ખૂબ વધી ગયા હશે.
* સાક્ષાત્ યમરાજા જેવા તેઓ દેખાતા હશે.
* નીળી (ગળી)ના કુંડમાં જબોળીને બહાર કાઢ્યા હોય એવા કાળા વર્ણવાળા તેઓ હશે.
* એમના શરીરની નસો ખૂબ જાડી હશે, અને તે સ્પષ્ટ દેખાતી હશે.
* એમના માથામાં ઠેકઠેકાણે ખાડા પડ્યા હશે.
* માથાના વાળ નાનપણમાં જ પીળા પડી ગયા હશે, અથવા ધોળા થઈ ગયા હશે.
* શરીરે એકદમ અશક્ત હશે. હાલતા-ચાલતા પડી જાય એટલી હદે અશક્ત હશે.
* શરીર પરની ચામડી પર ઘણીબધી કરચલીઓ પડી ગઈ હશે.
* મોઢાના દાંત મોટાભાગે પડી ગયા હશે.
* બચપણથી જ શરીર જાણે ઘરડુંખખ થઈ ગયું હશે.
* માથું ઘડા જેવું હશે. પેટ ગાગર જેવું હશે. હાથ-પગ દોરડી જેવા હશે. આંખો વાંકી - ફાંગી હશે. ટૂંકમાં, બધી રીતે શરીર બેડોળ હશે.
* શરીર આખામાં ખરજવાનો રોગ થયો હશે. વારંવાર શરીરને ખણવાથી તેમાંથી પરૂ/લોહી વગેરે નીકળતા હશે.
* આખા શરીરમાં એને લીધે સેંકડો ચાંદા પડ્યા હશે.
* એમની ચાલ ઊંટ/ગધેડા જેવી અશુભ હશે.
* છેલ્લું સંઘયણ હોવાથી એમના હાડકા અત્યંત નબળા હશે.
* એ જ રીતે છેલ્લું સંસ્થાન હોવાને લીધે એમના શરીરના આકારના કોઈ ઠેકાણા નહીં હોય.
* શરીરના એકે અવયવો પ્રમાણસર નહિ હોય.
* તેઓ ગમે ત્યાં બેસી જશે અને ગમે ત્યાં સૂઈ જશે.
* એમનું શરીર અશુદ્ધિથી ખરડાયેલું હશે.
* તેઓ સ્નાનાદિ પણ નહિ કરે.
* અત્યંત કામસક્ત હોવાથી બ્રહ્મચર્યનું પાલન નહિ કરે.
* શાસ્ત્રમાં બતાવેલા એકેય સંસ્કારો (ગર્ભસંસ્કાર, વિવાહસંસ્કાર આદિ) એમના જીવન-વ્યવહારમાં જોવા નહીં મળે.
* બુદ્ધિથી તેઓ મૂર્ખ હશે.
* તેમની તમામ ચેષ્ટાઓ વિકૃત હશે.
* તેમના શરીરમાં સત્વ નહિ હોય, અંતરમાં ઉત્સાહ નહિ હોય.
* એમના ચહેરા પર કોઈ તેજ નહિ હોય.
* ઠંડા/ગરમ પવન અને અનેક રોગોના કારણે એમનું શરીર સેંકડો વેદનાઓનું ઘર હશે.
* પરસેવા અને મેલને લીધે એમનું શરીર અત્યંત બીભત્સ/કુત્સિત હશે.
* વારંવાર વાતા પવનને લીધે ઉડતી ધૂળથી એમના શરીર ધૂળથી રગદોળાયેલા હશે.
* ક્રોધ, માન, માયા, લોભ, મોહ અને ભયનો તીવ્ર ઉદય હશે.
* મૂલગુણ, ઉત્તરગુણ અને પચ્ચક્ખાણથી તેઓ રહિત હશે. જેથી સર્વવિરતિ અને દેશવિરતિથી તેઓ વંચિત રહેશે.
* પ્રાયઃ કરીને છઠ્ઠા આરાના મનુષ્યોને સમ્યક્ત્વ ક્ષપલણ પ્રાયઃ એટલા માટે કે ક્યારેક કો'કને સમ્યક્ત્વની પ્રાપ્તિ થશે. પણ સંકલિષ્ટ અધ્યવસાય હોવાથી વિરતિ તો સર્વથા નહિ હોય.



www.facebook.com/hriday.parivartan

* તેઓનું શરીર નાનું હોવા છતાં ભૂખ ઘણી લાગશે, તેથી એમનો આહાર પણ ઘણો હશે.
* છઠ્ઠા આરાના મનુષ્યો કાચબા અને માછલાના માંસ ખાશે, મદ્ય પીશે. કોઈ તુચ્છ ધાન્ય પણ ખાશે.
* આ આરામાં મોટે ભાગે નરક અને તિર્યંચગતિમાંથી જ જીવો આવેલા હોય છે. અને અહીંથી મરીને પ્રાયઃતિર્યંચ અને નરકમાં જ તેઓ ઉત્પન્ન થાય છે.
* છઠ્ઠા આરામાં જન્મેલા હરણ, વાઘ, સિંહ, ઘોડા, વરુ આદિ ચતુષ્પદ પ્રાણીઓ, ઢંક, કંક વગેરે પક્ષીઓ અને સરડા, સાપ વગેરે સરીસૃપ પ્રાણીઓ પણ મરીને નરક યા તિર્યંચગતિ રૂપ દુર્ગતિમાં જનારા હોય છે. કારણ કે તેઓ માંસભક્ષી, ક્રૂર અધ્યવસાયવાળા અને નિર્દય હોય છે.
* છઠ્ઠા આરાની શરૂઆતમાં મનુષ્યોનું આયુષ્ય ૨૦ વર્ષનું હોય છે. અંતે ઘટતા ઘટતા ૧૬ વર્ષનું રહે છે.
* ભરતક્ષેત્રના મધ્યમાં વૈતાઢ્ય પર્વત આવેલો છે. વૈતાઢ્ય પર્વતને લીધે ભરતક્ષેત્રના બે ભાગ પડે છે. દક્ષિણાર્ધ ભરત અને ઉત્તરાર્ધ ભરત, વૈતાઢ્ય પર્વતની સમીપમાં ગંગા અને સિંધુ નદીના વહેણ વહે છે. આ બંને નદીના બે - બે કિનારા છે. એકેક કિનારા પર નવ નવ બિલ (નિવાસસ્થાન) છે. એટલે દક્ષિણાર્ધભરતમાં કુલ ૩૬ બિલ થયા. એટલા જ બિલ ઉત્તરાર્ધ ભરતમાં પણ છે. કુલ ૭૨ બિલ થયા. આ ૭૨ બિલોમાં મનુષ્યો તેમ જ દરેક પ્રકારના પશુ-પક્ષીઓ રહે છે... આ પશુ-પક્ષી વધુ સંખ્યામાં નહી હોય, તેથી તે બીજ પશુ - પક્ષી તરીકે ઓળખાશે.

  ભરતક્ષેત્રની જેમ અન્ય નવ ક્ષેત્રોમાં પણ આવી વ્યવસ્થા સમજવી.
* ચોર જેમ અંધારી કોટડીમાં રહે તેમ અતિભયંકર, અત્યંત અંધકારમય બિલોમાં છઠ્ઠા આરાના મનુષ્યો રહેશે. દિવસે સૂર્યના અત્યુષ્ણ કિરણોના ડરથી કોઈ બિલમાંથી બહાર નહિ નીકળે, અને રાત્રે ચંદ્રના અત્યંત ઠંડા કિરણોને લીધે શરીર જડ જેવું થઈ જવાની બીકે તેઓ બિલમાંથી બહાર નહિ આવે. અરે, આકાશમાં ચંદ્ર નહિ હોય તો પણ ઠંડી એટલી જોરદાર હશે.... જેની પીડાથી માનવીના પ્રાણ ચાલ્યા જાય. એટલે તે સમયના મનુષ્યો વહેલી સવારે અથવા મોડી સાંજે ગભરુ શીયાળની જેમ બિલમાંથી ખોરાક માટે નીકળશે.
* તે વખતે ગંગા અને સિંધુ નદીઓનો વિસ્તાર (પહોળાઈ) રથના માર્ગ જેટલો હશે, જયારે એના પાણીની ઊંડાઈ રથના પૈડાના મધ્યભાગ જેટલો (વચલી ધરી ડૂબે એટલો) ઊંડો હશે.
* આ નદીનું પાણી અત્યંત કાદવવાળું હશે. નદીમાં પાણી ઓછું હશે અને જીવો વધારે હશે. ઓછા જળમાં ઘણા માછલા-કાચબા ફરતા હશે.
* બિલમાંથી બહાર નીકળેલા મનુષ્યો ગંગા / સિંધુ નદીમાંથી માછલા / કાચબાઓ ગ્રહણ કરશે. પોતાના બિલની બહાર સૂકવવા મૂકશે. કારણ કે તરતના કાઢેલા માછલા વગેરે તેમને પચતા નથી. દિવસે સૂર્યના તાપથી અને રાત્રે અત્યંત ઠંડીથી કોહવાઈ ગયેલા - નીરસ થયેલા મત્સ્યાદિ જ ખાવા યોગ્ય બને છે. વળી એ કાળના મનુષ્યોના જઠરાગ્નિ મંદ અને અલ્પ હોવાને કારણે અપક્વ - રસાળ એવા માછલા વગેરે પાચનયોગ્ય બનતા નથી તથા એ સમયમાં અગ્નિનો અભાવ હોવાથી તેને પકાવવાનો પણ સંભવ નથી.
* સૂકાઈ ગયેલા મત્સ્યાદિને તેઓ ઉની રેતીમાં દાટી દેશે. ભૂખ લાગશે ત્યારે કાઢીને ખાઈ લેશે. અને બીજા દિવસના ભોજન માટે બીજા માછલા વગેરે સૂકવીને દાટી દેશે. મનુષ્ય હોવા છતાં તેઓ રાક્ષસ જેવું જીવન જીવશે.
* આવું પાપ પોતાની આજીવિકાર્થે તેઓ નિરંતર

*(અનુસંધાન પાના નં. ૧૨ ઉપર)*



***www.facebook.com/hriday.parivartan***

ખરતરગચ્છના અને ૯૦૦ અચલગચ્છના છે. ૧૫ દેરાસર છે.

કેટલાક દેરાસર અચલગચ્છના તો કેટલાક ખરતરગચ્છના છે. બે-ત્રણ દેરાસર ૮૪ ગચ્છના છે.

મુખ્ય ઉપાશ્રય સાધનાભવનનો અચલગચ્છનો છે અને આરાધના-ભવન ખરતરગચ્છનું છે. આ બે ઉપાશ્રય ખૂબ જ વિશાલ છે. ભોજનાલયમાં રૂમો, હોલ અને ખુલ્લો ચોક વગેરે વિશાલ જગ્યા છે. તેરાપંથી અને સ્થાનકવાસીના ૧૦૦-૧૫૦ ઘર છે.

ચિંતામણી પાર્શ્વનાથનું જિનાલય ખૂબ જ મોટું અને પ્રતિમા ખૂબ પ્રાચીન છે. ટેકરી ઉપર છે. એ જ રીતે સીમંધર સ્વામીનું દેરાસર પણ ઊંચાઈ ઉપર છે. ૩૦૦ કિ.મી. પછી અહીં પહાડો જોવા મળ્યા. બાડમેરવાળા ખૂબ જ ભાવિક છે. બે દિવસની સ્થિરતા દરમિયાન ખડે પગે રહ્યા. સેવા ભક્તિ અને ભાવનામાં ખૂબ જ રસ લઈ રહ્યા છે. આટલા બધા ઘરો હોવા છતાં પ્રાથમિક જ્ઞાન અને સાધુઓના આચાર-વિચાર બાબતમાં પછાત છે. જો અહીં સતત વિચરણ ચાલુ રહે તો ફેર પડે.

અહીંથી અમારી સંખ્યામાં પણ ખાસો ફરક પડ્યો. બે બહેનો મુમુક્ષુ - બે ભાઈ મુમુક્ષુ ઘરે ગયા. સાત ઠાણા સાધ્વીજી સિણધરી તરફ વિહાર કરી ગયા. *(ક્રમશઃ)*

---

*(ઘેર બેઠા પ્રવચન - અનુસંધાન પાના નં. ૧૭ ઉપરથી)*

કરશે. કારણ કે આ સિવાય દૂધ, દહીં, પુષ્પ, ફળાદિ તો એમને જોવા પણ નહીં મળે આથી મોટાભાગના જીવો માંસાહારનું પાપ કરશે. આવા પાપને લીધે તેઓ મરીને પ્રાયઃ નરક કે તિર્યંચગતિમાં જન્મ લેશે. પ્રાયઃ એટલા માટે- આમાંના કોઈક મનુષ્યો માંસાહાર ન કરતા ક્ષુદ્ર (તુચ્છ) અન્ન વડે પોતાનું ઉદર પોષણ કરશે. આમ અસંક્લિષ્ટ અધ્વવસાયને લીધે તેઓ સ્વર્ગે પણ જશે.

* એ કાળમાં છ વર્ષની સ્ત્રી ગર્ભ ધારણ કરશે. બહુ મુશ્કેલીથી એની પ્રસૂતિ થશે. વારંવાર ગર્ભધારણ કરવાથી ભૂંડની જેમ ઘણા બાલબચ્ચા તેઓને થશે. ૧૬ વર્ષની સ્ત્રી એકદમ ઘરડી ડોશી જેવી બની જશે. આયુષ્ય અલ્પ હોવા છતાં ઘણા - ઘણા પુત્ર/પૌત્રાદિક થશે. તેઓ ખૂબ હેરાન કરશે. જેમ ભૂંડના બચ્ચાઓ ભૂંડને હેરાન કરે તેમ.

* આટલી પીડા ઓછી હોય તેમ એ જીવોને જૂ / માંકડ / લીખ વગેરે દુષ્ટ એવા ક્ષુદ્ર જંતુઓ પણ ખૂબ હેરાન કરશે. આમ ૨૧૦૦૦ વર્ષ સુધી છઠ્ઠો આરો ચાલશે. *(ક્રમશઃ)*

---

*(શ્રુતગંગા હિમાચલમ્ - અનુસંધાન પાના નં. ૭ ઉપરથી)*

બતાવ્યો છે. ગૃહસ્થે ત્રિકાળ પૂજા કરવી જોઈએ. પ્રતિમા પૂજનની શાસ્ત્રીયતા પણ અહીં બતાવી છે. તથા નમસ્કાર મહામંત્રનું વર્ણન છે. એનું નામ ''પંચમંગલ મહાશ્રુતસ્કંધ'' છે. આપણા આત્માનું કલ્યાણ કેવી રીતે થાય એવું લક્ષ્યમાં રાખી પૂર્વપુરુષોએ ઘણું માર્ગદર્શન આપ્યું છે. આ ગ્રંથ ખૂબ જ અતિશયવંત છે.

અરે! આ સૂત્રના યોગોદ્વહન જે મુનિઓએ ન કર્યા હોય તેઓને ઉપધાનમાં, દીક્ષા-વડીદીક્ષાના જોગમાં સૂત્ર બોલવાનો અધિકાર મળતો નથી. જેમણે જોગ કર્યા હોય તે જ મુનિઓ માળ-તીર્થમાળ-વડી દીક્ષામાં સૂત્રો બોલી શકે. એવા ગંભીર આ સૂત્રજીમાં વર્ધમાન વિદ્યા અને નવકારમંત્રનો મહિમા પણ બતાવ્યો છે. શ્રીપ્રભ નામના અણગાર સુધી આ સૂત્ર વિદ્યમાન રહેશે. ત્યારબાદ વિલય પામશે. આ સૂત્ર માટે બીજી જાણવાજોગ બાબત એ છે કે આ સૂત્ર જયારે વિચ્છેદ થશે ત્યારે આકાશમાં વાદળા ન હોવા છતાં ૪૮ કલાક સૂર્ય દેખાશે નહીં. ચૌદ રાજલોકમાં અંધારું થશે. આવા મહાન આગમરાજને ભાવભીની વંદના. *(ક્રમશઃ)*



**www.facebook.com/hriday.parivartan**

Read Full Lekh On
www.facebook.com/hriday.parivartan
www.hridayparivartan.blogspot.com